# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૬/ક્વા-૦૪/૨૦૨૦-૨૧/૨૫૦ તા. ૦૮.૧૧.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૮૬/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી પરમાર માધાભાઈ મુરજીભાઈ ગામ – ભાટીયા

સબડીવીઝન: ભાટિયા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી દેવભુમી દ્વારકા

**:: ફોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

તારીખ: શુક્રવાર (૨૨.૧૦.૨૦૨૧)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમો અરજદારની સ્વતંત્ર કબ્જા ભોગવટા અને કુલ માલીકીની ખેતીની જમીન કે જે કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામે રે.સ.નં.૧૮૯૧ (જુના રે.સ.નં. ૯૫ /પૈકી ૨ /પૈકી ૨ ) વાળી આવેલ છે. જે ખેતીની જમીનમાં એ.જી.કનેક્શન મેળવવા એમોએ અરજી કરેલ હતી તથા તે અનુસંધાને આશરે બે વર્ષ અગાઉ એમોએ ક્વોટેશનની રકમ ભરવા જણાવેલ જે ક્વોટેશનની રકમ એમોએ ભરપાઈ કરતાં વિજલાઇન ઉભી કરી ટી.સી.લગાડી આપેલ છે. પરંતુ ત્યારબાદ આજદિન સુધી ટી.સી. થી અમારૂ માંગનું વિજ કનેક્શનનું મીટર લગાડી આપેલ નથી જ્યારે પી.જી.વી.સી.એલ. કચેરી ભાટીયા દ્વારા અમોને નિયમીત રીતે વિજબિલ આપવામાં આવે છે જે વિજબિલ અંગે એમોએ તારીખ ૦૭/૦૮/૨૦૨૦ ના રોજ સામાવાળાની કચેરીમાં લેખીત અરજી

કરેલ હતી. જે બિલ તથા પહોંચોની નકલ આ સાથે સામેલ રાખેલ છે. અને બાદમાં આ કામના સામાવાળાની કચેરી દ્વારા અમોને મૌખીક રીતે જણાવવામાં આવેલ કે તમારૂ માંગણી વાળું એ.જી. કનેક્શનનું મીટર લગાડી/ફીટીંગ કરી આપવામાં આવશે પરંતુ આજદિન સુધી લગાવવામાં આવેલ નથી એમોએ અનેક વખત સામાવાળાની કચેરીની મુલાકાત લઈને મૌખીક રજુઆત કરેલ તેમ છતાં સામાવાળા દ્વારા અમો અરજદારને એ.જી.કનેક્શન લગાડી આપવામાં આવેલ નથી. નિયમ મુજબ ક્વોટેશનની રકમ ભરપાઈ થયે ટી.સી.(ટ્રાન્સફોર્મર) લગાડવાનું હોય મને મીટર આપવાનું હોય છે. એમોએ ખેતીની જમીનમાં વાવેતર કરેલ હોય અને કુવામાંથી પાણી કાઢવા માટે મોટરને ચાલુ કરવા માટે અમારે વિજપાવરની જરૂરીયાત રહેતી હોય જેથી એમોએ પી.જી.વી.સી.એલ. કચેરી ભાટીયામાં અનેક વખત ધક્કા ખાઈ મૌખીક જાણ/રજુઆત કરેલ કે અમારૂ મીટર ફીટ કરી જાવ તો અમો વિજળીનો ઉપયોગ કરી શકીએ. ત્યારે પી.જી.વી.સી.એલ.-ભાટીયાના સ્ટાફ/કર્મચારી દ્વારા અમોને મૌખીક રીતે જણાવવામાં આવેલ કે હાલમાં અમારે બીજું કામ છે ટાઈમ મળશે ત્યારે મીટર ફીટ કરી જઈશું પી.જી.વી.સી.એલ. કચેરી- ભાટીયા કર્મચારી/સ્ટાફ દ્વારા પી.જી.વી.સી.એલ. ના નિયમો નો ઉલાળીયો કરે છે અને પૈસા/લાંચ આપે તેના એ.જી.કનેક્શન તાત્કાલીક કોઈ કારણ વગર લાગી જાય છે. અને જે પૈસા/લાંચ ન આપે તેને સમયે એ.જી. કનેક્શનનું મીટર આપતા નથી. એમોએ એ.જી.કનેક્શન લેવા માંગણી કરતાં અમારી સામે સામાવાળા ગેરકાયદેસર મીટર લગાડયા વિના જ અમોને વિજબીલ આપેલ છે અને અમારા પ્રત્યે અંગત રાગદ્વેષ રાખી અમોને બે વર્ષથી એ.જી.કનેકશનનું મીટર આપતા નથી કે પી.જી.વી.સી.એલ. દ્વારા અમોને અમારા કોઈપણ જાતના વાંક કે ગુના વગર આશરે છેલ્લા બે વર્ષથી યેનકેન પ્રકારે હેરાન કરી અને ખોટા વિશ્વાસ અને ખાતરી આપી ખોટા કારણો/બહાના બતાવી અમોને એ.જી. કનેક્શનનું મીટર આપતા નથી અને અમોને માનસીક રીતે દુ:ખ,ત્રાસ પહોંચાડેલ છે તેમજ એ.જી. કનેક્શન ન મળવાથી અમો અમારી જમીનને પિયત કરી શકેલ નથી જેથી અમોને આર્થિક નુકશાન પણ થયેલ છે. તથા વિજવપરાશ કરેલ ન હોવા છતાં ખોટા વિજબિલો આપી અમારી પર ખોટા વિજવપરાશના નાણાં ભરપાઈ કરાવે છે.અમો ગામડાના ખેડુત અને અભણ તથા કાયદાથી અજ્ઞાન હોય એમોએ આશરે બે વર્ષ અગાઉ ક્વોટેશનની રકમ ભરપાઈ કરેલ હોવા છતાં અમોને આજદિન સુધી એ.જી. કનેક્શન નું મીટર લગાડી આપવામાં આવેલ નથી વાસ્તે આ ફરીયાદ અરજી લાવી દાદ માંગવાની કે,

(અ) અમોને માંગણીવાળું વિજકનેકશનમાં વિજમીટર લગાડી આપવા હુકમ ફરમાવવા અરજ છે.

(બ) પી.જી.વી.સી.એલ. કચેરી ભાટીયા અમોને ખોટી રીતે હેરાન પરેશાન ક્યા કારણોસર અમોને આજદિન સુધી મીટર લગાડી આપવામાં આવેલ નથી તે અંગેનો લેખીત ખુલાશો અપાવવો.

(ક) અમોને હેરાન કરવા બદલ તથા સમયમર્યાદામાં એ.જી. કનેક્શનનું મીટર આપેલ ના હોય જેથી થયેલ માનસિક,આર્થિક નુકશાન બદલ અમોને મળવાપાત્ર વળતર પી.જી.વી.સી.એલ. કચેરી ભાટીયા ભરપાઈ કરી આપે.

(ડ) અમોને સમયમર્યાદામાં મીટર લગાડી આપેલ ન હોય જે બદલ પી.જી.વી.સી.એલ. કચેરી ભાટીયાના જવાબદાર કર્મચારી વિરૂધ્ધ કાયદેસરની ખાતાકીય કડક કાર્યવાહી કરવી તેમજ અન્ય કામગીરીનું નિરીક્ષણ કરી વધારાના પગલાં ભરવા હુકમ ફરમાવશો.

(ઈ) તેમજ ન્યાયનું વિશાળ હિત જળવાઈ રહે તે માટે મળવાપાત્ર તમામ દાદ આપવી.

અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ આપ સાહેબ શ્રીને જણાવવાનું કે ગ્રાહક શ્રી પરમાર માધા મુરજી દ્વારા ભાટીયા પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ.ભાટીયા ખાતે ખેતીવાડી ના હેતુસર નુ AG કનેકશન નુ મીટર લગાડી આપવા અંગેની રજૂઆત અન્વયે અરજદાર નો નવા ખેતીવાડી વીજ જોડાણ અંગે નો ટેસ્ટ રીપોર્ટ બાકી હોય. જે ભાટીયા પેટા વિભાગીય કચેરી ખાતે ભરપાઈ થતા ભાટીયા પે.વી.કચેરી દ્વારા અરજદાર નુ મીટર લગાડી કનેકશન રીલીઝ કરી આપેલ છે. અને રજુઆતનું નિરાકરણ કરેલ છે. જે અંગેની તા.૦૪.૦૨.૨૦૨૧. ની સમાધન પુરશીસ આ સાથે સામેલ છે.

૨.૧ પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રી એ તા. ૦૪.૦૨.૨૦૨૧ ફરિયાદ નું સુખદ નિવારણ થયેલ છે. જેથી આગળ આ કેસ હવે આગળ ચલાવવાનો રહેતો નથી.તથા તા. ૦૪.૦૨.૨૦૨૧ સમાધાન પત્ર માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની ભાટીયા પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ દેવભુમી દ્વારકા વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૦૪.૦૨.૨૦૨૧ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

3.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

3.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |